# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ (COVID-19)**

**તા.૧૪/૦૪/૨૦૨૧**

કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારીને ધ્યાને લઈ શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રકારની આરોગ્યલક્ષી કામગીરી સરકારશ્રીની કોવિડ–૧૯ની માર્ગદર્શિકા મુજબ તાકીદના ધોરણે કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાંક સમયથી શહેરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને ફરજીયાત માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા, ભીડભાડવાળી જગ્યાઓ પર કામ વગર ન જવા, "નો માસ્ક નો એન્ટ્રી" વિગેરે બાબતોનું ચુસ્તપાલન કરવા અને ખાસ કરીને સંક્રમિત વિસ્તારોને કન્ટેઈન્મેન્ટ કરવામાં આવે છે અને ત્યાં કોરોન્ટાઈનના નિયમનું પાલન કરવા જણાવવામાં આવે છે, તેમ છતાં શહેરીજનો ધ્વારા તેનો ચુસ્તપણે અમલ ન થવાને કારણે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ વધી રહયુ છે. જે ચિંતાજનક બાબત છે.

સુરત મહાનગરપાલિકાની ટીમ મારફત હાલની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ માઈક્રો કન્ટેઈન્મેન્ટ વિસ્તાર તેમજ હોમ કોરોન્ટાઈન હેઠળના વ્યકિતઓ કોરોનાની માર્ગદર્શિકાનું પાલન કરે છે કે કેમ? તેની પ્રત્યક્ષ મુલાકાત લઈ ચકાસણી કરવામાં આવી રહી છે તે પૈકી આજરોજ કતારગામ ઝોન વિસ્તારની નારાયણનગર સોસાયટીમાં સામુહિક કોરોન્ટાઈન કરેલ વિસ્તારમાં ૨ ઈસમો કોરોન્ટાઈનનાં નિયમનો ભંગ કરી પોતાના વતન જતા રહયા છે તેઓ સામે તથા સંત જલારામ સોસાયટીના સામુહિક કોરોન્ટાઈન કરેલ વિસ્તારમા ૩ ઈસમો કોરોન્ટાઈનના નિયમનો ભંગ કરી બહાર અવર–જવર કરતા માલુમ પડેલ જેથી આ તમામ ૫ ઈસમો સામે કોરોન્ટાઈનના નિયમનો ભંગ કરવા બદલ FIR કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**

**સમાચાર યાદી નં.૧૦૩,**

**તા.૧૪/૦૪/૨૦૨૧**